# પુસ્તકો જીવનનો આસ્વાદ છે વાંચન વિના જીવન નહીં : આધ્યાત્માનંદજી

તસવીર : દિપક જાની



ગાંધીનગર, તા. ૨૪

ભગવદ ગીતામાં જીવનની પ્રત્યેક સમસ્યાઓનો ઉકેલ છે. વાંચન વગર વિચાર નહી અને વિચાર વિના જીવન નથી. ટી.વી.ના ગુણ કરતા અવગુણો વધારે છે. આજે માતૃભાષામાં બોલવાનો અધિકાર છીનવાઈ રહ્યો છે. જીવન યંત્રવત બની રહ્યું છે. ત્યારે જીવનમાં પાથેય બનતા પુસ્તકોનો આસ્વાદ લેતા રહેવાની તાતિ અનિવાર્યતા હોવાનું સ્વામિ આધ્યાત્માનંદજીએ જણાવ્યું હતું. 'વાંચે માતા' ના નવતર પ્રયોગને વેગ આપવા કડી કેમ્પસમાં યોજાયેલા સંમેલનમાં વિદ્યાર્થીઓની માતાને વાંચનવૃત્તિ કેળવવા જણાવાયું છે.

આજના સ્પર્ધાત્મ શિક્ષણના યુગમાં વિદ્યાર્થીઓમાં સ્ટ્રેસનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. જ્યારે સ્કૂલ-ટ્યુશનની અભ્યાસવૃત્તિ ઉપરાંત ટી.વી. વીડીયોગેઈમ્સ અને મોબાઈલના મેનિયાથી વિદ્યાર્થીઓ આઉટડોર ગેઈમ્સથી પણ વિમુખ થઈ ગયા છે. બીજી તરફ માતાઓમાં પણ વાંચનવૃત્તિનો અભાવ વર્તાતા તંદુરસ્ત સમાજ નિર્માણની આશા સામે ચિંતાના વાદળો ઘેરાયા છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ શહેરની મહિલા સંસ્થા જ્યોતિ મહિલા મંડળ દ્વારા 'વાંચે માતા'ના અભિપ્રાય અન્વયે આજે કડી કેમ્પસ ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાએ જતા વિદ્યાર્થીઓની ૭૦૦ જેટલી માતાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત શિવાનંદ સ્વામી આધ્યાત્માનંદજીએ જણાવ્યું હતું કે આજે જીવન યંત્રવત બની રહ્યું છે. ત્યારે પુસ્તકો સાથેનો નાતો નબળો પડ્યો છે. માતૃભાષામાં બોલવાનો અધિકાર પણ છીનવાઈ રહ્યો છે ત્યારે વાંચનવૃત્તિ વગર વિચારના શૂન્યપ્રકાશ વચ્ચે જીવનમાં અંધકાર છવાઈ જાય છે. સિમેન્ટ પત્થરથી ઘર બનતુ નથી. પરંતુ માતામાં ઘરની કરોડરજ્જુ છે. ઘરનો વૈકુંઠ બનાવવાનો હોંસલો ધરાવે છે. બાળક કાચી માટીનું હોય છે.જેવું સાંભળે તેવું કરે સઘળી બાબતોનું તેનામાં પ્રતિબિંબ પડે છે. મનુષ્ય જેવો હોય તેવું બોલે છે. અને તેવું જ કરે છે. મનમાં ગંદકી ભરેલી હોય તેને સાફ કરવી પડે. બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે માતાઓએ વાંચન કરવું અનિવાર્ય છે. સારા પુસ્તકો જીવનનું પાથેય છે. જીવનનો આસ્વાદ છે. ભગવદ ગીતામાં પણ જીવનની દરેક સમસ્યાનો ઉકેલ છે.

### જ્યોતિ મહિલા મંડળનો અભિનવ કાર્યક્રમ

**બાળક માતાના ગર્ભમાં હોય ત્યારથી સમજે છે : શિવાજી જોઈતા હોય તો માતાએ જીજાબાઈ બનવું પડે : ડૉ. હર્ષદ ત્રિવેદી**

સાહિત્ય અકાદમીના ડૉ. હર્ષદ ત્રિવેદીએ જણાવ્યું હતું કે બાળકને અનુભવવું હોય ત્યારે અજાણે નહી કરવાની મોટી યાદી આપી દીએ છીએ. વિદ્યાર્થી શિક્ષણથી નહીં પરંતુ અનુભવથી કેળવાય છે. બાળક માતાના ગર્ભમાં હોય ત્યારથી જ સમજણ શક્તિ ધરાવે છે. બાળકમાં ઉમદા વિચારોને સંસ્કારનું સિંચન કરવા માતાનો રોલ મુખ્ય બની રહે છે. ત્યારે સ્ત્રી શહિતનું મેનેજમેન્ટ કરવાનો સમય પાકી ગયો છે. ઈતિહાસના મહાનુભાવોની પ્રેરણા પાછળ સ્ત્રીશક્તિ જ મુખ્ય હતી. શિવાજી જોઈતા હોય તો જીજાબાઈ બનવું પડે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વાંચનથી સમાજ તંદુરસ્ત બને છે. એવું વાંચો અને તેવું વિચારો કે જેથી આવનારી પેઢી ધન્યતા અનુભવે. માતા સંમેલનમાં જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન ચોકસી, ચેતના બૂચ, ઉપરાંત કડી કેમ્પસના બી.કે. પટેલ, નીરૂબેન પટેલ સહિત મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## વણકર સમાજનો જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજ દ્વારા સમાજના લગ્નોત્સવ યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી સંમલેન તા. ૨૬મી જાન્યુઆરીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલમાં યોજાશે. મહેસૂલ તપાસણી કમિશ્નર અરૂણભાઈ એસ. સૂતરિયા, આઈ.એ.એસ.ના અધ્યક્ષ સ્થાને યોજાશે. વધુ માહીતી માટે પ્રમુખ શ્રી રમીલાબેન કાન્તીભાઈ પરમારનો મો. ૯૪૨૭૬૦૧૨૫૧૫પર સંપર્ક કરવા જણાવેલ છે.

## 'આર્ષ' સંશોધન કેન્દ્ર દ્વારા હરિમંદિરમાં વ્યાખ્યાન પ્રેમસબી પ્રેમાનંદ

ભગવાન સ્વામી નારાયણના સંતોમાં 'પ્રેમસબી પ્રેમાનંદ' ઉચ્ચકોટીના કવિ હતા. સંગીત, કવિતત્ત્વ, સંપૂર્ણ વ્યક્તિત્વ ભગવાન સ્વામી નારાયણને અર્પણ કરેલ હતું. જેમને ૪૫૦૦ પદોની રચના કરેલ છે. તેમના વિષે પૂ. અક્ષરવત્સલ દાસ સ્વામી, શાહીબાગ અમદાવાદ, તા. ૨૬મી જાન્યુઆરીએ સાંજે ૪-૩૦ કલાકે 'પ્રેમસબી પ્રેમાનંદ' પર વ્યાખ્યાન આવશે. તો રસ ધરાવતાં પ્રેમીઓએ લાભ લેવા જણાવેલ છે.

## સોનારડા ગામની કિશોરીનું અપહરણ થયાની પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના સોનારડા ગામમાં રહેતી ૧૭ વર્ષીય કિશોરીને લલચાવી ફોસલાવીને નજીકના ગામે ગલુદણનો યુવાન શખ્સ અપહરણ કરી ગયો હોવાની પોલીસ ફરિયાદ ડભોડા પોલીસમથકે અપહ્યુત કિશોરીના પિતાએ નોંધાવી છે. બે દિવસ અગાઉ ગામમાંથી ગલુદણનો નિરવ જગદીશ પટેલ નામનો શખ્સ કિશોરીને જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી ગયો હોવાની ફરીયાદ નોંધાવતા ડભોડા પોલીસે ગુનો દાખલ કરી સી.પી.આઈ. એ.જે. ઝાલાએ અપહરણકાર યુવાનને શોધી કિશોરીને મુક્ત કરાવવા તજવીજ શરૂ કરી છે.

# ઉવારસદ ચોકડી પાસે ટ્રક-બાઈક વચ્ચે અકસ્માત : વિદ્યાર્થીનું મોત

**ઘાટલોડીયાથી એન્જીનીયરીંગનો વિદ્યાર્થી બાઈક લઈને ગાંધીનગર ટ્યુશન માટે આવતો હતો : ટ્રકની બોડીનું લોખંડ છાતીમાં ઘુસી જતાં સ્થળ પર જ મોત**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં એન્જીનીયરીંગનું ટ્યુશન કરવા બાઈક પર અમદાવાદ ઘાટલોડીયા વિસ્તારમાંથી આવી રહેલા ૨૦ વર્ષિય વિદ્યાર્થીને ગાંધીનગર પાસેની ઉવારસદ ચોકડી ખાતે અકસ્માત નડ્યો હતો. ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બાઈકચાલક વિદ્યાર્થીને ટ્રકનું લોખંડ છાતીમાં ઘુસી જતાં તેનું બનાવ સ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે અડાલજ પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી જમાદાર હસમુખભાઈએ તપાસ શરૂ કરી છે.

અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં રહેતા વિષ્ણુભાઈ ઠાકરને એક દિકરો અને એક દિકરી એમ બે સંતાનો છે. તેમનો ૨૦ વર્ષીય દિકરો ભુષણ એન્જીનીયરીંગના છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતો હતો અને ગાંધીનગર ખાતે તેનું ટ્યુશન ચાલતુ હતું. આજે સવારના સુમારે ભુષણ બાઈક લઈને ગાંધીનગર ટ્યુશન અર્થે આવી રહ્યો હતો તે દરમ્યાન ઉવારસદ ચોકડી પાસે ટ્રક સાથે તેના બાઈકને અકસ્માત સર્જાયો હતો.જેમાં માથાના ભાગે ઈજાઓ થવા ઉપરાંત ટ્રકની બોડીનું લોખંડ તેના છાતીમાં ઘુસી જતાં ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જીને ટ્રક સાથે ચાલક ફરાર થઈ ગયો હતો. જો કે શાહપુર સર્કલ પાસેથી ટ્રક પકડાઈ ગઈ હતી. પરંતુ ડ્રાઈવર નાસી છુટવામાં સફળ રહ્યો હતો. અડાલજ પોલીસે વિદ્યાર્થીના મૃતદેહને પી.એમ. માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી ફરાર થઈ ગયેલા ચાલકની શોધખોળ કામગીરી હાથ ધરી છે.

### એક વાહનચાલકે પીછો કરતા ટ્રક શાહપુર ચોકડી પાસે મુકીને ચાલક નાસી ગયો

અકસ્માત સર્જીને ટ્રકચાલક ટ્રક લઈને ભાગ્યો હતો. અકસ્માતને નજરે જોનાર એક વાહન ચાલકે ટ્રક ચાલકને ભાગતા જોઈ તેનો પીછો છેક ઉવારસદ ચોકડીથી કર્યો હતો.પીછો થઈ રહ્યો હોવાનું જોઈને આરોપી ટ્રક ચાલક પોતાની ટ્રક શાહપુર ચોકડી પાસે મુકીને ત્યાંથી નાસી જવામાં સફળ રહ્યો હતો. અડાલજ પોલીસે ટ્રક કબજે લઈ તેના નંબરને આધારે શોધખોળ શરૂ કરી છે.

## મીઠીપાલડી ગામે નેશનલ ગર્લ ચાઈલ્ડ ડેની ઉજવણી કરાઈ

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર વિભાગ દ્વારા સમાજમાં સ્ત્રીઓની ઘટતી જતી સંખ્યાને ધ્યાને લઈ નેશનલ ગર્લચાઈલ્ડ ડેની ઉજવણી દર વર્ષે ૨૪મી જાન્યુઆરીના રોજ કરવામાં કરવામાં આવે છે. જેના ભાગરૂપે દિયોદર તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા ૧૮ થી ૨૪ જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન મીઠી પાલડી ગામે ગુરૂશિબિર યોજી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામના સરપંચ મફતસિંહ વાઘેલા, ગીતાબેન મોદી, કે.ડી. પટેલ સહિત બહોળી સંખ્યામાં બહેનો તથા ગામલોકો હાજર રહ્યા હતા અને સામાજીક ઉત્થાનમાં સ્ત્રીઓની ભાગીદારી, બેટી વધાવો, રસીકરણ અને સુરક્ષિત માતૃત્વ અંગે આમંત્રીત મહાનુભાવોએ વિસ્તૃત જાણકારી આપી હતી.

## શહેરમાં નવા હાઈમાસ્ક મુકવાનો નિર્ણય પડતો મુકાયો

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં અન્ય બે સ્થળોએ હાઈમાસ્ક મુકવાની યોજના પડતી મુકવામાં આવી છે. જયારે હાલ અસ્તિત્વ ધરાવતા ૧૦ જેટલા હાઈમાસ્ક પણ ઉતારી લેવા વિચારણા હાથ ધરવામાં આવી છે. લાઈટીંગ ટાવર અજવાળું પાથરવા ઉપરાંત આકર્ષક લાગતા હોવા છતાં વીજપાવર વધુ વપરાતો હોવાથી નવા હાઈમાસ્ક મુકવાનો નિર્ણય પડતો મુકાયો છે.

શહેરના મુખ્યમાર્ગો પર સર્કલ વચાળે તેમજ અન્ય સ્થળોએ સહિત કુલ ૧૦ જગ્યાએ લાઈટીંગ ટાવર ઉભા કરાયા છે. હાઈમાસ્કના લીધે માર્ગો પર રોનક છવાયેલી જોવા મળે છે. પરંતુ અંધારું ઉલેચી ઉજાસ પાથરતા હાઈમાસ્કના લીધે વીજબીલમાં તોતિંગ ફટકો વેઠવો પડતો હોવાથી નવા હાઈમાસ્ક લગાવવાનો નિર્ણય પડતો મુકાયો હોવાનું ધ્યાને આવ્યું છે. અમદાવાદ કોર્પોરેશને હાઈમાસ્કના લીધે વીજવપરાશનો બોજો વધતા અગાઉ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાયા બાદ પણ હાઈમાસ્ક લગાવવાની કામગીરી અટકાવી દીધી હતી. શહેરમાં પણ નવા બે સ્થળોએ હાઈમાસ્ક લગાવવાની દરખાસ્ત અન્વયે વીજવપરાશ અને જાળવણીનો ખર્ચ ધ્યાને લઈ યોજના પડતી મુકવામાં આવી છે. એટલું જ નહીં પરંતુ શહેરમાં હાલ ૧૦ સ્થળોએ મુકાયેલા હાઈમાસ્ક ઉતારી લેવાની દિશામાં પણ વિચારણા હાથ ધરવામાં આવી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. બીજી તરફ હાઈમાસ્કના સ્થાને ચાર રસ્તા પાસે પ્રત્યેક કોર્નર પર વીજ પોલ ઉભો કરી સર્કલ વચાળે પણ લાઈટીંગ પોલ મુકવા વિચારણા કરવામાં આવી રહી છે.

## સે. ૨૩માં સેક્શન ઓફીસરના મકાનમાં તસ્કરોનો રૂ. ૩.૨૦ લાખનો હાથફેરો

**કૃષિ અને સહકાર વિભાગમાં ફરજ બજાવતા એસ.ઓ. સાળાની દિકરીના લગ્ન પ્રસંગે હાજરી આપવા નડીયાદ ગયા હતા**

ગાંધીનગર, તા. ૨૪

નવા સચિવાલય ખાતે કૃષિ અને સહકાર વિભાગમાં સેકશન ઓફીસર તરીકે ફરજ બજાવતા કે.યુ. દવે પરિવાર સાથે સાળાની દિકરીના લગ્નમાં હાજરી આપવા નડીયાદ ગયા હતા. તે દરમ્યાન તેમના સે. ૨૩ ખાતેના બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો કળા કરી ગયા હતા. ૩ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના તથા રૂ. ૨૦ હજાર રોકડા મળીને રૂ. ૩.૨૦ લાખની કિંમતની મત્તાનો હાથફેરા કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા. સે. ૨૧ પોલીસે આ બનાવ અંગે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી એફ.એસ.એલ. તથા ડોગ સ્કવોર્ડ બોલાવી વૈજ્ઞાનિક ઢબે તપાસ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૨૩ પંચશીલ સોસાયટી પ્લોટ નં. ૬૯૮/૧ ખાતે રહેતા કમલેશભાઈ ઉમીયાશંકર દવે ગાંધીનગર સ્થિત નવા સચિવાલય બ્લોક નં. ૫ કૃષિ અને સહકાર વિભાગમાં સેકશન ઓફીસર તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે સાંજે ૭.૩૦ વાગ્યાના સુમારે તેઓ પરિવાર સાથે સાળાની દિકરીના લગ્નમાં હાજરી આપવા નડીયાદ ગયા હતા. દરમ્યાન સવારે આઠેક વાગ્યાના સુમારે પડોશીનો કોલ આવ્યો કે તેમના મકાનનું તાળુ તુટેલુ છે અને ઓટલા પર પડ્યુ છે. મકાનું તાળુ તુટ્યાનું સાંભળીને તેઓ આજે સવારે જ પરત ઘરે ફર્યા હતા અને ઘરમાં જઈને જોયું તો તસ્કરો રાત્રી દરમ્યાન તેમના મકાનમાં હાથફેરો કરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. રાત્રી દરમ્યાન તસ્કરો મકાનના દરવાજાનું તાળુ તોડીને ઘરમાંથી રૂ. ૩ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના તથા રૂ.૨૦ હજાર રોકડા મળીને રૂ. ૩.૨૦ લાખની મત્તા ચોરી સરકી ગયા હતા. સે. ૨૧ પોલીસને મકાન માલીક એસ.ઓ.એ ફરીયાદ આપતા ડોગસ્કવોર્ડ અને ફિંગરપ્રીન્ટ નિષ્ણાંતની ટીમ બોલાવી સેકન્ડ પી.આઈ. શેખે વધુ તપાસ આરંભી છે.

## હિલવુડ બી.એડ. કોલેજની ઈન્ટર્નશીપ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની હિલવુડ એકેડમી ઓફ ટીચર્સ એજ્યુકેશન સંસ્થાના તાલીમાર્થીઓની ઈન્ટર્નશીપ તાજેતરમાં સરકારી પ્રાથમિક શાળા સેકટર-૧૬, ગાંધીનગર ખાતે યોજાઈ હતી.

ઈન્ટર્નશીપમાં તાલીમાર્થીઓ દ્વારા શૈક્ષણિક અને સહઅભ્યાસીક પ્રવૃત્તિઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ઈનામ વિતરણ કાર્યક્રમ તાલીમાર્થીઓએ યોજી બાળકોને પ્રોત્સાહિત અને પ્રવૃત્તિમય બનાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યા સંધ્યાબેન રાવલ, શિક્ષણગણ, બી.એડ. કોલેજના અધ્યાપક સુનિલભાઈ તથા તાલીમાર્થી વિદિશા, જયેશ, જાતરીયાભાઈ, સચીબેન દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.



૨ ગુજરાત એન.સી.સી. ગાંધીનગરના કર્નલ સંદીપસિંહના માર્ગદર્શન હેઠળ અત્રેની કચેરીના એન.સી.સી. કેડેટસે નેશનલ ડિસાસ્ટર રિસ્પોંસ ફોર્સની ૬ બટાલિયનની ડેમોંસ્ટ્રેશન માટે મુલાકાત લીધેલ હતી. લગભગ ૫૬૭ એન.સી.સી. કેડેટસ તથા વિદ્યાર્થીઓને આપત્તિ દરમિયાન તેમના રોલ વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેઓને બચાવ ઉપકરણો વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. પ્રાથમિક ઉપચાર, શ્વાન સ્કવોડ, ભૂકંપ, પૂર તથા રાસાયણિક આપત્તિ બચાવ માટેનું નિદર્શન પણ યોજવામાં આવેલ હતું.

## સંકલ્પ મનો વૈજ્ઞાનિક વિકાસ મંડળના ઉપક્રમે માનસિક હતાશાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

આજથી માનસિક તણાવવાળી જીંદગીમાં દરેક વ્યક્તિ જુદા જુદા કારણોથી તંગદિલી, માનસિક હતાશા અનુભવતો હોય છે. મોંઘવારી, બેકારી, ઘર ગૃહસ્થિની સમસ્યાઓ, એકલતા, ફાસ્ટ લાઈફ સ્ટાઈલ વગેરેને કારણે વ્યક્તિ માનસિક હતાશાનો દર્દી બને છે. હતાશાના આવા દર્દીઓને બિમારીમાંથી બહાર લાવવા કનોરિયા હોસ્પિટલના ડૉ. સરોજેન્દ્ર આનંદ વર્ષોથી વિધ-વિધ કાર્યક્રમો યોજે છે. આવો જ એક માનસિક હતાશાનો કાર્યક્રમ આજે સવારે ૯ થી ૨ કલાક દરમિયાન, કનોરિયા હોસ્પિટલ, ભાટ ગામ પાસે ૩૫૦ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

હતાશામાંથી બહાર નિકળવા માટેવ્યક્તિએ કેવું જીવન ધોરણ અપનાવવું જોઈએ, તેની રહેણીકરણી કેવી રાખવી જોઈએ, વગેરેની સમજૂતી આપતી પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન સ્લાઈડ શો ડૉ. રાજેન્દ્ર આનંદે યોજ્યો હતો. આ પ્રસંગે અમદાવાદ શહેરની ૧૨ જેટલી કોલેજોના ૩૫૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન ઈન્દ્રજીત કનોજીયા, નરેશ ત્રિવેદી, કપિલ ખુદાણીયા, અંકિતાબેન લિંબાચીયા, પૂનમબેન કનોજીયા, અભિષેક ત્રિપાઠીએ કર્યું હતું.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬

સૂર્યાસ્ત : ૬.૨૫

### તાપમાન

મહત્તમ : ૨૭.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૨.૭ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૨ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
રેસ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
ઈન્કાર : ૬.૪૫

: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૧૦.૦૦, ૯.૩૦
આકાશ વાની : ૧૨.૪૫, ૬.૦૦
મેં ક્રિશ્ના હું : ૩.૩૦

: સ્ક્રીન-૪ :
મેં ક્રિશ્ના હું : ૩.૦૦
આકાશ વાની : ૧૨.૩૦
રેસ-૨ : ૬.૧૫, ૯.૧૫

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
આકાશ વાની : ૧૦.૩૦, ૬.૩૦
ઈન્કાર : ૧.૩૦
રેસ-૨ : ૯.૩૦

: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :
રેસ-૨ : ૮.૦૦, ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સૂર્યા, વાવોલ**

રેસ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઘાયલ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
રેસ-૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૧.૧૫, ૨.૧૫
મેં ક્રિશ્ના હું : ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
મેં ક્રિશ્ના હું : ૧૦.૩૦
આકાશ વાની : ૧.૦૦, ૯.૪૫
રેસ-૨ : ૩.૩૦, ૬.૩૦

**ચિરાગ, કલોલ**

રેસ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- પ્રેમધારા શિશુ વિહાર ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ બપોરે ૨.૦૦ કલાકે.

### આપની આજ

**મેષ** : ગૂઢ આર્થિક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. અવિવાહિતો માટે વિવાહ સંબંધી યોગ. કુટુંબમાં શુભ કાર્ય થશે. કાર્યોની વિશેષ ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. પૂર્ણ રીતે અભ્યાસ કર્યા વગર કોઈપણ પ્રકારનું સાહસ ન કરવું.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ.

### ચિરવિદાય

- સ્વ. મંજૂલાબેન કેશવલાલ પ્રજાપતિ (ઉ.વ. ૫૪) મુ.પો. નાદરી, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. બચીબેન પ્રાણજીભાઈ ગોર (ઉ.વ. ૯૪) પ્લોટ નં. ૧૩૬૮/૧, સેકટર-૪/ડી, ગાંધીનગર.